કરવાના ઇન્કારકરે છે. ... છે કે, ગંભીર મહામારી દરમિયાન ... જાહેર કરવા જોઇએ.

# ...વેડ ગાઈડલાઈનના પાલન સાથે ...માલપુર એપીએમસી ફરી ધમધમશે



અમદાવાદ,તા.૮

શહેરના મધ્યમાં આવેલા જમાલપુર એપીએમસી માર્કેટકોવિડ -૧૯ ગાઈડલાનના પાલન સાથે એપીએમસી માર્કેટ ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેની તડામાર તૈયારીઓ થઈ રહી છે. અમદાવાદ ...લપુર વિસ્તારમાં આવેલા એપીએમસીના તાબા હેઠળનું શાક માર્કેટ એપ્રિલ માસમાં કોરોનાનુ સંક્રમણ વધતા બંધ કરાયું હતુ. પરંતુ તાજેતરની પરિસ્થિતિ અને એપીએમસીની આવેલી રજૂઆતોને ધ્યાને લેતા એએમસીએ એપીએમસી ખુલ્લું કરવા સુચના અપાઈ છે. સરદાર પટેલ માર્કેટ યાર્ડમાં કુલ દૈનિક ૧/૩ પદ્ધતિ પ્રથમ દિવસે કુલ ૫૩ અને ૫૩ , બીજા દિવસે કુલ ૫૩ અને ત્રીજા દિવસે કુલ ૫૧ વેપારીઓને વેપારની પરવાનગી આપવામા આવી છે. શાકભાજી ખરીદ - વેચાણની કામગીરી બપોરના ૧થી સાંજ ૫ અને રાત્રી ૮થી સવારે ૮ દરમ્યાન કરવની રહેશે.

## સવાર બાદ જામનગરમાં પુનઃ ભૂકંપના ૨ આંચકા અનુભવાતા ફફડાટ

જામનગર,તા.૮

ગુજરાતમાં ફરી એકવાર ફોલ્ટલાઇન સક્રિય થઇ ચુકી છે. કચ્છ અને જામનગર સહિત સૌરાષ્ટ્રનાં અનેક વિસ્તારોમાં તબક્કાવાર ધરતીકંપના આંચકાઓ અનુભવાઇ રહ્યા છે. આજે ફરી એકવાર જામનગરમાં ભૂકંપના બે આંચકાઓ અનુભવાયા હતા. ૪.૧૪ વાગ્યે ૨ની તીવ્રતા અને ૪.૩૦ વાગ્યે ૨.૨ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. જામનગરથી ૨૨ અને ૧૩ કિલોમીટર દુર ભૂકંપનું કેન્દ્રબિંદુ હોવાનું સામે આવ્યું છે. સવારે પણ જામનગરમાં બે આંચકાઓ અનુભવાયા હોવાનું સામે આવ્યું છે. સતત ભૂકંપના આંચકાઓના કારણે લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. બીજી તરફ જામનગરમાં આવેલા ભૂકંપના આંચકાઓ ખુબ જ સામાન્ય તિવ્રતાના હોવાના કારણે લોકો અનુભવી શક્યા નહોતા. લોકો પણ સતર્કતા વર્તી રહ્યા છે.

## કોવિડ હોસ્પિટલોમ...

# ઓક્સિજન... કિંમતમાં ૨...

અમદાવાદ,તા.૮

કોરોના મહામારી પહેલા વસ્ત્રાપુરમાં આવેલી ડીએચએસ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ રોજ ૧૫-૫૦૦૦ લિટર ઓક્સિજનની ૨૦ બોટલનો ઓર્ડર આપતી હતી. જો કે, કોરોના મહામારી શરૂ થયા પછી ૫૦ બેડની સુવિધા ધરાવતી ડીએચએસ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો એએમસીએ કોવિડ-ડેઝિગ્નેન્ટેડ હોસ્પિટલોમાં સમાવેશ કર્યો. જે બાદ આ હોસ્પિટલમાં ઓક્સિજન બોટલની માગ દસ ગણી વધી ગઈ છે. પ્રતિ દિન ૧૫૦ ઓક્સિજન બોટલની જરૂર પડવા લાગી છે. કોરોનાના દર્દીના ફેફસા પર હુમલો કરે છે. પરિણામે મોટાભાગની કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજનની

### વેજલપુર વિધાનસભા યૂથ કોંગ્રેસ દ્વારા બેસણાનું આયોજન કરાયું હતું

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'બેસણા'નું પોલીસે આયોજન અટકાવાયું : કાર્યકરોની અટક

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં હાલ લોકોને કોરોનાનું નહિ, પણ રોડરસ્તાને કારણે ટેન્શન હોય છે. ચોમાસામાં જે રીતે રોડ રસ્તા ધોવાઈ જાય છે તે ...લોકોને રસ્તાઓ પરથી પસાર થવુ આકરું લાગે છે. આવામાં યૂથ કોંગ્રેસ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બેસણાનું આયોજન કરાયું હતું. પરવાનગી ન લીધી હોવાને કારણે પોલીસ દ્વારા આ કાર્યક્રમ અટકાવવામાં આવ્યો હતો. કાર્યકર્તાઓની અટકાયત કરાઇ હતી. ફતેવાડી ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના "બેસણા"નું આયોજન અટકાવવામાં આવ્યું હતું. વેજલપુર વિધાનસભા યૂથ કોંગ્રેસ દ્વારા બેસણાનું આયોજન કરાયું હતું. પોલીસે બેસણા માટે ૧૦ બાય ૧૫ ના બનાવેલા સ્ટેજ પરથી પોસ્ટર ફાડ્યા હતા. અમદાવાદમાં વરસાદને કારણે ઠેરઠેર રોડ રસ્તા ધોવાઇ ગયા અને તૂટી ગયા હોવાથી વિરોધના ભાગરૂપે બેસાણાનું આયોજન કરાયું હતું. જેમાં ટીપી ૮૫ના રોડનું કામ પાછલા ૩ વર્ષથી બંધ હાલતમાં હોવાથી વિરોધ કરવાનું પ્લાનિંગ હતું. જુહાપુરા, ફતેહવાડી, સરખેજ તેમજ કેનાલ પાછળના રોડ રસ્તાની ખરાબ હાલતને કારણે જનતાને તકલીફ પડી રહી છે. જે અંગેની માહિતી એએમસીના અધિકારીઓના કાન સુધી પહોંચાડવાનો પ્રયાસ બેસણા દ્વારા કરાનાર હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બેસણું શરૂ થાય એ પહેલાં જ પીઆઈ બીબી ગોયલના આદેશનુસાર ગણતરીના કાર્યકરોની અટકાયત કરાઈ હતી. પોલીસ વાન સહિત ૧૦ પોલીસ ગાડીઓનો કાફલો બેસણા સ્થળે ખડકી દેવાયો હતો.


મારૂ જુનુ નામ બ્રહ્મભટ્ટ કોકીલાબેન ઉમેશભાઇ હતુ બદલીને નવુ નામ બારોટ કોકીલાબેન ઉમેશભાઇ રાખેલ છે.
બ્રહ્મભટ્ટ ફળીયું, અચિસરા, સીનોર, વડોદરા.



**JHAVERI CREDITS & CAPITAL LIMITED**

CIN: L65910GJ1993PLC020371

Reg. Office.:- 301, Payal Towers-II, Sayajigunj, Vadodara-390020 Website-www.jhavericommodity.com, E-mail:- igc@jhaveritrade.com, Contact no. 0265-7161200/201

**NOTICE**

**NOTICE** is hereby given pursuant to Regulation 29(1) (a) of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 meeting of the Board of Directors of the Company M/s. Jhaveri Credits and Capital Ltd. will be held on Tuesday, 15th September, 2020 at the Registered Office of the Company, interalia to consider and approve the audited financial results for the quarter ended on 30th June, 2020.

For Jhaveri Credits & Capital Limited
Kamlesh J. Jhaveri
Whole Time Director
DIN:00266242

Place : Vadodara
Date: 08th September, 2020


લોકસત્તા